

દાંતીવાડા તાલુકામાં આવેલ સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટીમાં આજરોજ કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી જેમાં એઈડની જાગૃતિ માટે બધા વિદ્યાર્થીઓ દ્વારા એઈડ્સના સિમ્બોલની લાલ પટ્ટી લગાવી આખા દિવસ દરમ્યાન દરેક લોકોને એઈડ્સ વિષે માહિતી પુરી પાડી હતી.

# શીકા ચોકડી પાસે કતલખાને લઈ જવાતુ પીકઅપ ડાલુ ઝડપાયુ

## પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા ડાલુ પલ્ટી ખાઈ ગયુ : ગાડીચાલક ગાડી મુકી ફરાર

મોડાસા, તા. ૧

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કસાઈઓ બેફામ બની પશુપાલકોની હાજરીમાં અને રખડતા પશુઓને ઉઠાવી જઈ ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલી દેતા હોય છે. ધનસુરા તાલુકાની શિકા મોડાસા-અમદાવાદ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા શીકા ચોકડી નજીકથી પીકઅપ ડાલામાં ૪ ગાય અને ૧ વાછરડાને ક્રૂરતાપૂર્વક ભરી ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાતા આ અંગેની જાણ ધનસુરા પોલીસ અને ગૌરક્ષકોને અને ૧ વાછરડુ ક્રૂરતાપૂર્વક બાંધી ઘાસચારો કે પાણીની સગવડ કર્યા વગર મુસ્કેટાટ હાલતમાં બાંધેલા મળી આવતા બહાર કાઢી ગૌવંશ માટે ઘાસચારા પાણીની વ્યવસ્થા કરી ૪ ગાય અને ૧ વાછરડાની કિંમત રૂ. ૨૨,૫૦૦ તેમજ મળી



ચોકડી નજીકથી ગુરૂવારે વહેલી સવારે પોલીસ ટીમ અને ગૌરક્ષકો દ્વારા પીકઅપ ડાલામાં ગેરકાયદેસર રીતે ૪ ગાય અને ૧ વાછરડાને ભરીને લઈ જતા ફિલ્મી ઢબે પીછો કરતા પીકઅપ ડાલુ પલટી જતા ગૌવંશનો આબાદ બચાવ થયો હતો. પીકઅપડાલાનો ચાલક ફરાર થઈ જતા ધનસુરા પોલીસે ફરાર ગાડીચાલકને ઝડપી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. થતા ગુરૂવારે વહેલી સવારે ૬ વાગ્યાના સુમારે ટાટા એસ (ગાડી નં. જીજે.૯.ઝેડ.૭૪૫૧) ગૌવંશ ભરીને નીકળતા પોલીસતંત્ર અને ગૌરક્ષકોએ ફિલ્મી ઢબે પીછો કરતા ગભરાયેલા પીકઅપડાલાના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા પીકઅપ ડાલુ શીકા ચોકડી નજીક પલટી ખાઈ જતા પોલીસે પીકઅપ ડાલાની અંદર તપાસ કરતા ડાલામાંથી ૪ ગાય આવેલ મોબાઈલ નંગ-૧ કિંમત રૂ. ૫૦૦ અને પીકઅપડાલુ (ટાટાએસ)ની કિંમત રૂ. ૧૦૦૦૦૦ મળી કુલ ૧૨૩૦૦૦ રૂ.નો મુદ્દામાલ ઝડપી પાડી ધનસુરા પો.સ.ઈ. એમ.વી. ગઢવીએ પશુ શરંક્ષણ અધિનિયમ ૨૦૧૧ની કલમ અને પશુ ક્રૂરતા અધિનિયમ-૧૧ હેઠળ ગુન્હો નોંધી ફરાર જીપચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# મહેસાણા જિલ્લામાં કેશલેસ વ્યવહાર બાબતે જાગૃતિ અભિયાન

મહેસાણા, તા.૧

મહેસાણા જિલ્લો લેસ કેશની સમસ્યા નિવારવા માટે કેશલેસ થઈ રહ્યો છે. જિલ્લા કલેકટર આલોક કુમારના માર્ગદર્શનથી મહેસાણા જિલ્લા ઈ-ટ્રાન્ઝેકશન વ્યવહાર તરફ ગયેલ છે. જિલ્લામાં ૧૧૩ બેન્ક મિત્રો દ્વારા લોકોને કેશલેસ વ્યવહાર કરવાની સમજ અપાઈ રહી છે. જિલ્લામાં જનધન ખાતાઓમાં ૧૪૬૯૮૨ ખાતાઓને આધાર કાર્ડથી સીંડીગ કરાયા છે.



આગળ વધી રહ્યો છે.

જિલ્લામાં ૩૦ નવેમ્બર સુધીમાં મહેસાણા જિલ્લામાં બાકી ખાતાઓ ખોલાવવા માટે ૫૫૧ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં જનધન યોજનામાં ૯૯૭૩ ખાતાઓ ખોલવામાં આવ્યા છે.

જિલ્લામાં ૨૫૦૦૮૯ રૂપે કાર્ડ ઈસ્યુ કરાયા છે. આ કાર્ડ થકી ૧૮૭૫૬૭ કાર્ડ એક્ટીવેટ પણ થઈ

મહેસાણા જિલ્લામાં ૫૦ પેટ્રોલપંપ, ૧૫ વિલેજ કોઓપરેટીવ, ૯૫ વેપારીઓ, ૪૮ શાકભાજી વેપારીઓ, ૪૭ વિલેજ મિલ્ક કો ઓપરેટીવ, ૧ પબ્લીક ટ્રાન્સપોર્ટ, ૧ ગેસ્ટહાઉસ કેન્ટીન સહિત વિવિધ જગ્યાએ કેશલેસ વ્યવહાર શરૂ કરવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લામા વધુ ને વધુ કેશલેસ થાય તે માટે પ્રયાસો થઈ રહ્યા છે.

# તલોદ માર્કેટ યાર્ડ ખાતે સમર્પણ કૃષિ પ્રદર્શન યોજાયું

તલોદ, તા. ૧

શિવકૃપાનંદ સ્વામી આશ્રમ ટ્રસ્ટ, નવસારી દ્વારા ઘોષિત કિસાન વર્ષ નિમિત્તે તલોદ માર્કેટયાર્ડ હોલ રહે છે. ધ્યાન ક્રિયા દ્વારા પાણી, જમીનને શુ ફાયદો થાય છે, સશક્ત ચિત્તથી કરેલી પ્રાર્થના કેવી રીતે ફળદાયી થાય છે તેની પ્રસ્તુતિ



ખાતે તલોદ માર્કેટયાર્ડના સેક્રેટરી સતીષભાઈ પટેલના હસ્તે દિપ પ્રાગટ્ય કરી 'ખેડૂત અને ધ્યાન' વિષય ઉપર સમર્પણ કૃષિ પ્રદર્શન ખુલ્લુ મુકાયું.

શિવકૃપાનંદ સ્વામીના જણાવ્યા અનુસાર ખેડૂત પોતાના ખેતરમાં વચ્ચોવચ બેસીને ધ્યાન ધરવું જોઈશે. જેથી પોતાના ચિત્તને સશક્ત કરી ખેતીના દરેક ઘટક થકી હંમેશા સકારાત્મક ઉર્જાનું વહન થતું કરવામાં આવી હતી.

ધ્યાનના માધ્યમથી વ્યસન, હતાશા, નિરાશા જેવી નકારાત્મક વાતોમાંથી મુક્ત થઈને સ્વસ્થ, પ્રસન્ન અને સુખી જીવન જીવી શકાય છે અને જીવનના પ્રત્યેક કાર્ય પર સકારાત્મક અસર દેખાય છે.

તલોદ તાલુકાના ગામોના ખેડૂતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રદર્શનનો બહોળો લાભ લીધો હતો.

# ડીસા તાલુકા સંઘની ચૂંટણીમાં માવજીભાઈ દેસાઈની પેનલનો સપાટો

## માવજીભાઈ દેસાઈ પ્રેરીત પેનલના તમામ ૧૯ ડીરેક્ટરો બિનહરીફ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ પ્રેરીત પેનલના તમામ ઉમેદવારોના ફોર્મ રદ

ડીસા, તા. ૧

ડીસા તાલુકાની અગ્રણી સહકારી સંસ્થા ડીસા તાલુકા સંઘની ચૂંટણીમાં ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ અને ડીસા એ.પી.એમ.સી.ના ચેરમેન તેમજ બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ પ્રેરીત પેનલ વચ્ચે ચૂંટણી જંગ શરૂ થવા પામ્યો હતો. જેમાં બન્ને પેનલના ૩૨ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ રજૂ થયા હતા. ત્યારે ગુરૂવારે ડીસા પ્રાંત કચેરી ખાતે ફોર્મ ચકાસણીના અંતે ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ પ્રેરીત પેનલના તમામે તમામ ઉમેદવારોના ઉમેદવારી પત્રો રદ થતાં માવજીભાઈ દેસાઈ પ્રેરીત પેનલના તમામે તમામ ૧૯ ડીરેક્ટરો બિનહરીફ ચૂંટાઈ આવતા માવજીભાઈ દેસાઈના સમર્થકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી.

ધી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ડીસા (ડીસા તાલુકા સંઘ)ના વ્યવસ્થાપક મંડળની ખાલી પડેલી ૧૯ બેઠકો માટે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ભર શિયાળે ગરમાવો પ્રસરી જવા પામ્યો છે. ડીસા તાલુકા સંઘની ચૂંટણીમાં ડીસા એપીએમસીના ચેરમેન અને બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ અને ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ સમર્થિત પેનલના ઉમેદવારોએ ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. ત્યારે ગુરૂવારે ડીસા પ્રાંત કચેરી ખાતે નાયબ કલેક્ટર ડૉ. દિગંતભાઈ બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને ઉમેદવારી પત્રોની



ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તાલુકા સંઘની ચૂંટણીમાં કુલ ૩૨ ઉમેદવારોએ ઉમેદવારી રજૂ કર્યા હતા. જેથી ફોર્મ ચકાસણી દરમ્યાન ગોવાભાઈ દેસાઈ સમર્થિત પેનલના ૧૦ ઉમેદવારોના ઉમેદવારી પત્રો અમાન્ય ઠર્યા હતા.

જ્યારે ડીસા એપીએમસીના ચેરમેન, બનાસ ડેરીના વાઈસ ચેરમેન તેમજ સહકારી અગ્રણી માવજીભાઈ દેસાઈ પ્રેરીત ડીસા તાલુકા સંઘના વર્તમાન ચેરમેન દશરથભાઈ કાળુભાઈ ખટાણા, અમરતભાઈ હરીભાઈ દેસાઈ, વાસીભાઈ સવાભાઈ દેસાઈ, રેવાભાઈ વાસીભાઈ દેસાઈ, ભીખાભાઈ મેવાભાઈ રબારી, બાબુભાઈ મલાભાઈ રબારી (વરનાળ નાની), રામશીભાઈ હીરાભાઈ પટેલ, જામાભાઈ ચેલાભાઈ પાનકુટા, ભીખાભાઈ ખેતાભાઈ રંજ્યા, નાગજીભાઈ વસાભાઈ દેસાઈ, રામજીભાઈ વાહજીભાઈ ગુજોર, ભુરાભાઈ અમરાભાઈ પટેલ, બહાદુરસીંગ દાદુભા વાઘેલા, ખોડાભાઈ મશરૂભાઈ દેસાઈ, ચમનલાલ રૂગનાથભાઈ ગજ્જર, પરતભાઈ મેવાભાઈ દેસાઈ, ઝેબરબેન ભીખાભાઈ રબારી, લીલુબેન જામાભાઈ રબારી, તારાબેન રમેશભાઈ સુંદેશા, ગમનભાઈ બિજોલભાઈ દેસાઈ અને રાયચંદજી વિરાજી પરમારનું ઉમેદવારી પત્રો માન્ય ઠરતા માવજીભાઈ દેસાઈના સમર્થકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી.

# બનાસકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળોએ લોકોને સ્વાઈપ મશીનની સુવિધા મળે તે માટે હાથ ધરાયેલ વ્યાપક પ્રયાસો

પાલનપુર, તા. ૧

પાલનપુર ખાતે કલેક્ટર જેનુ દેવનના અધ્યક્ષસ્થાને જિલ્લાના વેપારીઓ, બેંકોના અધિકારીઓ, પેટ્રોલ પંપ અને ગેસ એજન્સીના ડીલરો, માર્બલ અને માઈનીંગ કંપની ઓનલાઈન ટ્રાન્ઝેક્શન પર કોઈ ચાર્જ લેવામાં આવશે નહી. જિલ્લાના તમામ પેટ્રોલ પંપ ઉપર અને ગેસ એજન્સીઓને સ્વાઈપ મશીન તા. ૫ ડિસેમ્બર સુધીમાં મેળવીને લોકોને સુવિધા ઉપલબ્ધ બનાવવા સુચના જ કરવામાં આવે.

બનાસકાંઠા જિલ્લામાં આગામી તા. ૫ ડિસેમ્બર સુધીમાં મશીનની સુવિધા ઉપલબ્ધ બને જેનાથી લોકો સરળતાથી કોઈપણ વસ્તુની ખરીદી કરી શકે તે માટે



સહીત વિવિધ સંગઠનો સાથે બેઠકો યોજવામાં આવી હતી. જેમાં કલેક્ટરે ઓન લાઈન ટ્રાન્જેક્શન અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યુ હતુ. કલેક્ટરે જણાવ્યું કે લોકોને ખરીદી માટે સ્વાઈપ મશીનની સુવિધા ઝડપભેર ઉપલબ્ધ બનાવવામાં આવે. તેમણે કહ્યું કે ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ સુધી તમામ આપી હતી.

કલેક્ટરે વેપારીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે દુકાન ઉપર સ્વાઈપ મશીનની સુવિધા હોવાથી વેચાણ વધે છે અને નાણાકીય વ્યવહારો સરળ બને છે. કલેક્ટરે જણાવ્યું કે વિવિધ સંગઠનોમાં કામ કરતા તમામ કર્મચારીઓ વગેરેના પગાર ચુકવણા બેંકો મારફતે કલેક્ટરે બેંકોના અધિકારીઓ અને સંગઠનોને સુચના આપી હતી. જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરાએ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એન.ડી. મિસ્ત્રી, જિલ્લા પુરવઠા અધિકારી અનસૂયાબેન જહા સહિત વિવિધ સંગઠનોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



દ્વારિકાધીશના અવતાર કલિયુગના હાજરાહજૂર ભગવાન રણુજાધિશ બાબા રામદેવજીના રણુંજાના નિજ સમાધિ મંદિરે આજે માગશરની સુદ બીજે યાત્રાળુઓનો મોટો મહેરામણ બાબાના દર્શને ઉમટી પડ્યો હતો. અરવલ્લી સહિત ઉત્તર ગુજરાત ઉપરાંત સમગ્ર ગુજરાતમાંથી પણ નિયમિતપણે બીજ ભરતા શ્રદ્ધાળુઓ ઉમટી પડીને બાબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જય બાબારીના જય ઘોષથી રણુજાનું અંતરિક્ષ ગુંજી ઉઠ્યું હતું.

# અરવલ્લીમાં નાણાકીય વ્યવહાર ડીઝીટલ બનાવવા જનતાને જાણકારી અપાઈ

મોડાસા, તા. ૧

સમગ્ર ભારતમાં રૂ. ૫૦૦ અન ૧૦૦૦ના ચલણી નાણાની બંધી બાદ ગ્રામીણ જનતાને કોઈ અગવડતા ન પડે તે માટે અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા ઈ. પમેન્ટ પદ્ધતિ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા અરવલ્લી જિલ્લામાં આગામી ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી શરૂ કરવામાં આવે તે માટે સરકારશ્રીએ દરેક જિલ્લામાં સત્વરે અમલ કરવાનો રહેશે.

આજરોજ યોજાયેલ અરવલ્લી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તમામ પ્રકારના ફેરીયાઓ વેન્ડર્સને ઈ પેમેન્ટ સુવિધા તેનો ઉપયોગ કરવા પ્રોસાહિત કરવા (દા.ત. ડેબીટ કાર્ડ ક્રેડીટ કાર્ડ આરટીજીએસ મોબાઈલ વોલેટસ વિગેરે) તમામ સરકારી અધિકારી કર્મચારીઓ (હંગામી કાયમી આઉટસોર્સીંગ) સ્વાયત સંસ્થાઓને કર્મચારીઓને બેન્ક એકાઉન્ટ મારફતે પગાર ચુકવણુ કરવું સરકારના વિવિધ વિભાગો જેમકે પાણી પુરવઠા માર્ગ મકાન અને વન વિભાગ દ્વારા રોજમદારોને પણ બેન્ક ખાતા દ્વારા ચુકવણુ કરવાની વ્યવસ્થા કરવી. સરકારના વિવિધ વિભાગોના તમામ પ્રકારના કામોનું ચુકવણુ પણ બેન્ક ખાતા મારફતે થાય તેવી વ્યવસ્થા કરવી. જાહેર જનતા સાથે સંકલાયેલ સંસ્થાઓ અમુલ બીજા આઉટલેટ્સ તેમજ નાનામાં નાની દુકાનોના વેપારીઓ પણ ઈ પેમેન્ટ, કાર્ડ સ્વાપીંગની સુવિધા ઉપલબ્ધ કરવી બીજ વેચાણ કેન્દ્ર (ખાનગી નિગમ) ખાતરની દુકાનો પર ફરજીયાત પણે ઈલેક્ટ્રોનીક પેમેન્ટની સુવિધા પણ પુરી પાડવી, તમામ પ્રકારની સહકારી ડેરીઓ, મંડળીઓ તેઓના સભાસદોને ઈ પેમેન્ટ દ્વારા ચુકવણું કરવાની વ્યવસ્થા કરવી. ઈ-વોલેટપેમેન્ટ ફેસીલીટી ડાઉનલોડ કરવી તેમજ તેના ઉપયોગ કરવા સંબંધીત તમામ પ્રકારની માહિતી જાહેર જનતાને સરળતાથી મળી રહે તે માટે જિલાના તમામ પેટ્રોલપંપ, સર્વિસ સ્ટેશન ઉપર વ્યવસ્થા ઉભી કરવી. સરકાર દ્વારા જાહેર જનતા તેઓના નાણાંકીય વ્યવહાર વધુમાં ઈ પેમેન્ટ પદ્ધતિ દ્વારા કરવામાં આવે તેવી વ્યવસ્થા કરવી. આ બેઠકમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર, નિવાસી અધિક કલેક્ટર, નાયબ કલેક્ટર, પ્રાંત અધિકારી, મોડાસા પ્રાંત અધિકારી, બાયડ રાષ્ટ્રીયકૃત બેન્કના તમામ અધિકારીઓ, જિલ્લાના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજની બોખમાંથી યુવકનો મૃતદેહ મળતા ચકચાર



પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મોટી બોખ ખાતે પાણીમાંથી પ્રાંતિજના યુવાનો મુતદેહ મળી આવતાં ફાયર ફાયટરની ટીમની મદતથી મુતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો.

પ્રાંતિજ માર્કંડેશ્વર મહાદેવ મંદિરના પાછળના ભાગમાં આવેલ મોટી બોખ ખાતે પાણી માં ડુબેલી હાલતમાં મુતદેહ દેખાતા ત્યાંથી અવર-જવર કરતાં લોકો માંથી કોઈએ પોલિસ ને જાણ કરતાં પ્રાંતિજ પોલિસ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીમાં રહેલ મૃતદેહને બહાર કાઢવા માટે પ્રાંતિજ ફાયર ફાયટરને જાણ કરાતાં ફાયરમેન મુકેશભાઈ અને ગોપાભાઈ તેમણી ટીમ સાથે દોડી આવ્યાં હતાં અને પાણીમાં રહેલ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો જયારે મૃતક યુવક પ્રાંતિજનો જ શર્મા અરૂણભાઈ પરસોતમ ભાઈ ઉ. વર્ષ-આશરે ૪૦ હોવાનું જાણવા મળ્યુ હતું જયારે પોલિસ દ્વારા લાશ ને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ.અર્થે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



# મોડાસા બન્યુ ગોકુલ ધામ ગોકુલનાથજીના પ્રાગટ્ય દિવસે ભવ્ય શોભાયાત્રા

મોડાસા, તા. ૧

શ્રી ચતુર્થગૃહ હિતવર્ધક પરિવાર મોડાસા દ્વારા આયોજીત ચતુર્થકુમાર ગોકુલનાથજીના પ્રાગટ્ય દિવસની વધાઈ મહાઓચ્છવના આરંભે બુધવારે મોડાસા શહેરમાં પૂ. પાદ ગોસ્વામી ૧૦૮ વલ્લભ બાવાશ્રી તથા આચાર્ય પરિવારનું સેવક વૈષ્ણવો દ્વારા સ્વાગત કરાયું હતું અને મોડાસા કલ્યાણચોકથી વાજતે ગાજતે "જૈ જૈ શ્રી ગોકુલેશ... મારો ધણી ગોકુલેશ..." ઘેર ઘેર ગોકુલેશના પ્રચંડ ભક્તિભાવ નાદથી નીકળેલી શોભાયાત્રાથી મોડાસા શહેર ગોકુલધામ બની ગયુ હોય તેવુ આહલાદક વાતાવરણ ઉભુ થયું હતુ. શોભાયાત્રા વલ્લભસદન પહોંચ્યા બાદ કેસર સ્નાન સામે ગુણગાન અને તેલ કુલેલ સાથે ગુણગાન સાંજે સાત કલાકે યોજાયા બાદ રાત્રે ૮ કલાકે મહાઆરતી અને નંદોત્સવ ઉજવાયો હતો. મોડાસાના તેમજ જિલ્લાના દરેક વૈષ્ણવોએ ભક્તિનો લાભ લીધો હતો.